Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-14, Issue-3, December-2020

# સૌરાષ્ટ્રના વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના પરિવર્તિત વલણોમાં સામાજિક સમાવેશન અને બહિષ્કાર

Rashmi P. Prajapati ( Ph.D. Scholar)
School of Social Science,
Department of Sociology,
Gujarat University, Ahemdabad
Email address:- rashmimistri2007@gmail.com.
Contact no:- 9904382511

*સારાંશ*

*કોઈપણ સમાજને સમજવા માટે તે સમાજની સ્તર રચનાને સમજવી પડે. ભારતીય સમાજની સ્તર રચના જ્ઞાતિ આધારિત જોવા મળે છે. દરેક જ્ઞાતિમાં સમયાંતરે પરિવર્તન આવતું જ રહે છે. પરિવર્તિત વલણો જેવા કે રીત-રિવાજ, લગ્ન વિષયક, ધાર્મિક બાબતો, આર્થિક બાબતો, શૈક્ષણિક બાબતોમાં પરંપરાગત બાબતોને ત્યજીને નવીન બાબતોનો સમાવેશન દરેક જ્ઞાતિમાં આજે જોવા મળે છે. મારો અભ્યાસ સૌરાષ્ટ્રના વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિનાં પરંપરાગત રિવાજોમાં પરિવર્તિત વલણોનો સમાવેશન પરનો અને બહિષ્કાર છે. જેમાં આ જ્ઞાતિના લોકો પરંપરાગત રીત-રિવાજમાં, લગ્નવિષયક બાબતોમાં, આંતરજ્ઞાતિય લગ્ન, લગ્નવય, પુનઃલગ્ન, આર્થિક બાબતો, શૈક્ષણિક બાબતોમાં પરિવર્તિત વલણોમાં પરંપરાગતતા ત્યજી નવા વલણોના સમાવેશનની પ્રક્રિયાનો ઉલ્લેખ કર્યો છે. પ્રસ્તુત સંપૂર્ણ માહિતી પ્રાથમિક માહિતી આધારિત છે. જેમાં ક્ષેત્રકાર્ય દ્વારા અમદાવાદમાં વસતા વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના કુટુંબોનો અભ્યાસ કરેલ છે. સાથે સાથે ઐતિહાસિક અને પરંપરાગત માહિતી, ગૌણ માહિતી જેતે પુસ્તકો, ગ્રંથો આધારિત છે.*

***ચાવીરૂપ શબ્દો:*** *પરિવર્તિત વલણો, પરિવર્તન, જ્ઞાતિ, સમાવેશન, બહિષ્કાર*

---

**પ્રસ્તાવના :**

સમાજશાસ્ત્ર સમાજના જુદા જુદા એકમોનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્ર એ સમાજનું વાસ્તવિક ચિત્ર રજૂ કરે છે. જેમાં જુદા જુદા સમાજશાસ્ત્રીઓ જુદા જુદા પરિપ્રેક્ષ્યથી સમાજને સમજવાનો પ્રયત્ન કરે છે. આધુનિક વિશ્વમાં વિકસતા દેશો માટે સામાજિક પરિવર્તનને સમજવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા કરાયેલ અભ્યાસનું મહત્વ વધ્યું છે. વળી ભારત જેવા વિકાસશીલ દેશમાં આ પરિવર્તન દરેક રીતે જોવા મળે છે. ભારતીય સમાજની સ્તર રચના જ્ઞાતિ આધારિત જોવા મળે છે. દરેક જ્ઞાતિમાં સમયાંતરે પરિવર્તન આવતું જ રહે છે. જેના મૂલ્યો, વલણો, માન્યતા મુખ્ય છે. જ્ઞાતિના વલણો જેવા કે રીત-રિવાજો, લગ્નવિષયક, ધાર્મિક, આર્થિક, શૈક્ષણિક બાબતોમાં પરિવર્તન આવ્યા જ કરે છે. આવા પરિવર્તિત વલણોના કારણે જ્ઞાતિના લોકો પરંપરાગત બાબતો ત્યજીને નવીન બાબતોનો સમાવેશન કરતા થયા છે. જેમાં અન્ય જ્ઞાતિ કે સમુદાયની અસરના કારણે પોતાના જ્ઞાતિગત પરંપરાગત રીત-રિવાજો બાદબાકી પામ્યા છે. વળી તે જ્ઞાતિના લોકોની સામાજિક આંતરક્રિયામાં પણ બહિષ્કૃત થયા છે અને નવા

વલણોનો સમાવેશન થયો છે. જેના સૌરાષ્ટ્રની વાટલિયા પ્રજાપતી જ્ઞાતિમાં તેની અસર જોવા મળે છે કે કેમ અને આ અસરના કારણે સાર્વત્રિક રીતે તેઓના જીવનધોરણ અને જીવનશૈલીમાં અસર કરે છે કે કેમ તે જાણવાના હેતુથી મેં આ જ્ઞાતિના લોકો કે જે મૂળ સૌરાષ્ટ્રના છે પરંતુ સ્થળાંતર કરીને વર્ષોથી અમદાવાદમાં વસવાટ કરી રહ્યા છે. તેવા કુટુંબોના પરિવર્તિત વલણોમાં સામાજિક સમાવેશન અને બહિષ્કારને સમજવાનો પ્રયત્ન કર્યો છે.

**હેતુઓ, પદ્ધતિ અને સાધનો** :

પ્રસ્તુત અભ્યાસ મૂળ સૌરાષ્ટ્રના વતની હાલ અમદાવાદમાં વસવાટ કરતા વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના લોકોમાં લગ્નવિષયક, આર્થિક, શૈક્ષણિક, ધાર્મિક બાબતોમાં પરંપરાગત રીત-રિવાજો ત્યજી રહ્યા છે અને આધુનિક વલણોનો સમાવેશ કરી રહ્યા છે. આ પરંપરાગત વલણોનો બહિષ્કાર અને નવા આધુનિક વલણોનાં સમાવેશનની પ્રક્રિયાથી તેમની જીવનશૈલીમાં તેમજ જીવનધોરણમાં ઘણા પરિવર્તન આવ્યા છે. આ પરિવર્તન કેવા અને કેટલા પ્રમાણમાં છે તે જાણવાનો હેતુ આ અભ્યાસમાં રહેલો છે.

પ્રસ્તુત પેપરમાં લીધેલી માહિતી મુલાકાત, અનુસૂચિ પ્રયુક્તિ દ્વારા અમદાવાદના જુદા-જુદા વિસ્તારોમાં વસવાટ કરતા વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના કુલ 20 કુટુંબોનો અભ્યાસ ક્ષેત્રકાર્ય દ્વારા કરેલ છે. સાથે સાથે જ્ઞાતિ વિશેની પરંપરાગત બાબતો જાણવા ગ્રંથો, લેખો, પુસ્તકો અને ઈન્ટરનેટનો ઉપયોગ કરેલ છે જે ગૌણમાહિતી આધારિત છે.

**અભ્યાસક્ષેત્ર** :

અમદાવાદ ગુજરાતનું સૌથી મોટુ અને ભારતનું સાતમા ક્રમનું શહેર છે. સાબરમતી નદીના કિનારે વસેલું આ શહેર અમદાવાદ જિલ્લાનું મુખ્ય મથક છે. 1960 થી 1972 સુધી ગુજરાત રાજ્યનું પાટનગર રહી ચુક્યું છે. અમદાવાદમાં કાંકરિયા તળાવ, વસ્ત્રાપુર તળાવ, ચંડોળા તળાવ જેવા મોટા તળાવ છે. અહીં ગાંધીઆશ્રમ, ઝૂલતામિનારા, ભદ્રકાળી મંદિર, ભદ્રનો કિલ્લો, સીદી સૈયદની જાળી, જામા મસ્જિદ, અડાલજની વાવ, હઠીસિંહના દેરા, સરદાર પટેલ સ્મારક ભવન જેવા જોવાલાયક સ્થળો આવેલા છે. અહીંની કુલ વસ્તી 55,70,585 છે. સાક્ષરતાનું પ્રમાણ 85.65 ટકા છે જેમાં 92.44 ટકા પુરુષ અને 80.29 ટકા સ્ત્રી સાક્ષરતા છે. (સેન્સસ 2011)

**વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિ વિશે** :

માટીના વાસણો બનાવનારને કુંભાર કહે છે. કુંભાર શબ્દનો જન્મ સંસ્કૃત ભાષાના કુંભાકાર શબ્દથી થયો છે. જેનો અર્થ માટીના વાસણ બનાવનાર થાય છે. ઐતિહાસિક દૃષ્ટિએ જોઇએ તો વૈદિક યુગથી પ્રજાપતિ નામનો ઉપયોગ હિંદુ કુંભારનો એક વર્ગ પોતાને પ્રજાપતિ કહે છે અને કહે છે કે ભગવાન પ્રજાપતિ (બ્રહ્મા) એ સંપૂર્ણ બ્રહ્માંડની રચના કરી છે. તેથી પ્રજાપતિ બ્રાહ્મણ સમાન છે. પ્રજાપતિ સમુદાયમાં જોઈએ તો વાટલિયા, ગુર્જર, દલવાડી, સોરઠીયા, લાડ, વરીયા, ચમરીયા, મારૂ.... વગેરે પેટા સમુહ જોવા મળે છે. જેમાં વાટલિયા પ્રજાપતિના ઇતિહાસની વાત કરીએ તો ઇસુની આઠમી સદીમાં વારાણસીની ગંગા કિનારે એક વરીયા કુંભાર રહેતો તેનું નામ નરવત તેમને ત્યાં મેવાડથી

વિદ્યાભ્યાસ અર્થે આવેલા શ્રી વિઠ્ઠલજી દયાળજી વ્હોરા નામના બ્રાહ્મણ બિમાર-બેશુદ્ધિને કારણે વટલાયા. ફળસ્વરૂપે બ્રાહ્મણોએ તેમને નાત બહાર મૂક્યા તેથી આ નવયુવક કફોડી સ્થિતિમાં મૂકાયો અને તેણે બ્રાહ્મણ જગત સાથે કાયમનો છેડો ફાડી નરવત વરીયાની પુત્રી સોનબાઈ સાથે લગ્ન કર્યા. વિઠ્ઠલજી અને સોનબાઈના ક્રાંતિકારી પગલાથી એક નૂતન પેટાજ્ઞાતિનું સર્જન થયું અને તેમનો જે વંશવેલો આગળ વધ્યો તે વાટલિયા પ્રજાપતિ.

વિઠ્ઠલજી કે સોનબાઇનો બ્રાહ્મણોએ સ્વીકાર ન કર્યો. સાથે સાથે તેઓને વરિયા કુંભારે પણ ન સ્વીકાર્યા તેથી બંને તરફથી તરછોડ્યા બાદ તેઓ વાટલિયા પ્રજાપતિ કહેવાયા. વિઠ્ઠલજી સાથે સોનબાઇના લગ્ન એ તે વખતની ઐતિહાસિક ક્રાંતિ ગણાવી શકાય કારણ કે આશરે બારસો વર્ષ પૂર્વે કોઈ યુવક આંતરજ્ઞાતિય લગ્ન કરે તે કોઈ નાની વાત ન કહેવાય. વળી એ વખતે અનુલોમ લગ્નનું પણ આ ઉત્તમ ઉદાહરણ ગણાવી શકાય.

ઉપરોક્ત ઘટનાઓમાં અનુલોમ લગ્નો થયેલા તે પછી પ્રતિલોમ લગ્નોની પણ થોડી ઘટના ઘટી. પ્રતિલોમ લગ્નને કારણે વટલાયેલા પણ વાટલિયામાં ભળ્યા. આ રીતે નવ ઇતર કોમની વ્યક્તિઓ પણ વાટલિયામાં સમાઈ ગઈ એટલે આ કોમ જાતિ વ્યવવસ્થાને લાત મારીને ખડી થયેલી કોમ છે. આ એકમાત્ર જ્ઞાતિ એ મનુસ્મૃતિમાં દર્શાવેલ વર્ણ વ્યવસ્થાને લાત મારીને મજબૂત રીતે ટકી રહેલી છે. અત્યારે તેમાં 84 પેટાજ્ઞાતિ છે જેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય જેવા વંશ પણ જોડાયેલા છે. એટલે કહી શકાય કે આ એક માત્ર જ્ઞાતિમાં કહેવાતા બ્રાહ્મણના વંશજો છે. ક્ષત્રિયના વંશજો છે અને વણિક(વેપારી)ના વંશજો પણ છે જે આ જ્ઞાતિ માટે ગર્વની વાત છે.

**જ્ઞાતિના પરિવર્તિત વલણોમાં સમાવેશન અને બહિષ્કાર :**

**લગ્ન અંગેના પરિવર્તિત વલણો :**

પરંપરાગત સમયની વાત કરીએ તો સામાન્ય રીતે લગ્ન 15 થી 17 વર્ષની વયે કરવામાં આવતા હતા. વળી છોકરીના પીરીયડ શરૂ ન થયા હોય તો તેને પરણાવીએ તો કંકુ કન્યા કહેવામાં આવતી અને ખૂબ જ પૂન્ય મળે તેવી માનતા હતી. પરંતુ આજે કાનુની જોગવાઈનાં કારણે અને શિક્ષણના કારણે નાની ઊંમરમાં લગ્ન કરવાના ખ્યાલોને લોકો ત્યજી રહ્યા છે. મારા ઉત્તરદાતાનાં લગ્નવય વિશે પૂછતા 18 થી 21 વર્ષની લગ્નવયને યોગ્ય માનનારનું પ્રમાણ 15% છે. 22 થી 25 વર્ષની લગ્નવયને યોગ્ય માનનારનું પ્રમાણ 60% છે અને 25 થી વધુ વયને યોગ્ય માનનારનું 25% છે. આમ અડધાથી વધુ ઉત્તરદાતા 25 થી વધુ વય લગ્ન માટે યોગ્ય માને છે. આમ અહીં ઊંચી લગ્નવયના વલણનો સમાવેશન થયો છે તેવું કહી શકાય.

પરંપરાગત સમયમાં લગ્નનું ક્ષેત્ર જ્ઞાતિ પૂરતું જ મર્યાદિત હતું. વળી આંતરજ્ઞાતિય લગ્ન કરનારને જ્ઞાતિ બહાર મૂકવામાં આવતા હતા. મારા ઉત્તરદાતાને આંતરજ્ઞાતિય લગ્ન કરવા માટેની સંમતિ વિશે પૂછતા માત્ર 35% ઉત્તરદાતાએ સંમતિ દર્શાવી અને તેમાંથી 10% કુટુંબમાં આવા લગ્ન થયેલ છે. આમ જીવનસાથીની પસંદગીનું ક્ષેત્ર આજે પણ જ્ઞાતિ પૂરતું જ મર્યાદિત છે.

તેમના પુત્ર કે પુત્રીના જીવનસાથીની પસંદગી માટે કોની સંમતિ લેવાય છે તે પૂછતા

96% ઉત્તરદાતા પોતાના સંતાનની પસંદગીને પ્રથમ માને છે. પરંપરાગત સમયમાં સંતાનના લગ્ન માટે વડીલો જ નિર્ણય લેતા હતા તે વલણ આજે ત્યજી અને સંતાનની પોતાની પસંદગીનાં મહત્વના વલણનો સમાવેશન કરી રહ્યા છે.

પરંપરાગત સમયમાં વિધવા થવું એ કલંક રૂપ માનવામાં આવતું હતું. વિધવાને અપશુકનિયાળ ગણવામાં આવતી હતી તેની પાસે સારા કાર્યો કરાવવામાં આવતા નહિ. વળી તેણે શણગાર ન કરવો, મોજશોખ ન કરવા, રંગીન વસ્ત્રો ન પહેરવા જેવા નિયમો જોવા મળતા હતા. વળી તેના પુનઃલગ્ન કરવા પર પ્રતિબંધ હતો એટલે કે વિધવાએ આજીવન વૈધવ્ય ભોગવવું પડતું હતું. ભલે તે નાની વયે વિધવા થઈ હોય. મારા ઉત્તરદાતાને આ અંગે પૂછતા તેઓ જણાવે છે કે નાની ઉંમરે જો કોઈ વિધવા થાય તો તેણે બીજા લગ્ન અવશ્ય કરવા જોઈએ. પરંતુ વિધવા સાથે પરિવારનો કોઈ પુરુષ પરણવા માંગશે તે વિશે પૂછતા તેઓ કહે છે કે કુંવારા છોકરાના લગ્ન આ પ્રકારની વિધવા સાથે અમે ન કરીએ તેવું કહ્યું. આમ તેઓ વિધવા પુનઃલગ્ન સ્વીકારે છે પરંતુ પોતાના પરિવારમાં આવી વિધવાને પુત્રવધુ તરીકે સ્વીકારવા તૈયાર નથી. વળી તેઓ વિધવાને શણગાર, મોજશોખ, રંગીન કપડા, સારા કાર્યોમાં ભાગીદારી જેવા વલણોનો સ્વીકાર કરે છે કે નહિ તે વિશે પૂછતા 80% ઉત્તરદાતા જણાવે છે કે વિધવાને આ પ્રકારના બંધનો ન હોવા જોઈએ. આમ અહીં પરંપરાગત બંધનો ત્યજી નવા વલણોનો સમાવેશન થયો છે તેમ કહી શકાય.

પરંપરાગત માન્યતા પ્રમાણે પુત્રને જ વારસદાર ગણવો, તેને જ પિતાની મિલકતનો સંપૂર્ણ અધિકાર હતો. તેમાં પુત્રી કે બહેનને કોઈ અધિકાર આપવામાં આવતો નહીં મારા ઉત્તરદાતાને આ વિશે પૂછતા 25% ઉત્તરદાતા માને છે કે પિતાની મિલકતમાં માત્ર પુત્રનો જ અધિકાર છે જ્યારે 75% ઉત્તરદાતા પિતાની મિલકતનો થોડો ઘણો હિસ્સો પરણિત પુત્રી કે બહેનને આપવા સંમતિ દર્શાવે છે. જ્યારે 20 ટકા ઉત્તરદાતા પોતાની પત્ની કે પુત્રવધુની પિતાની મિલકતમાંથી હિસ્સો લેવાની ઇચ્છા ધરાવે છે. વળી માત્ર 15 ટકા ઉત્તરદાતાના ઘરમાં પુત્રવધુ કે પત્નીને તેના પિતાની મિલકતમાંથી થોડો ઘણો હિસ્સો મળેલ છે. આમ જોઈએ તો પુત્રી કે બહેનને હિસ્સો આપવાનું વલણ આજે લોકોએ અપનાવ્યું છે તેમ અહીં કહી શકાય.

**રહેણીકરણી અંગેના પરિવર્તિત વલણો** :

પરંપરાગત સમયમાં પુત્રવધુ કે પત્નીને વડીલની લાજ કાઢવાનો રિવાજ હતો. વળી તેણે વડીલ સામે બોલવા કે બેસવાની પણ મનાઈ હતી. મારા ઉત્તરદાતાના કુટુંબમાં આ પ્રકારના રિવાજ છે કે કેમ તે તપાસતા 82% કુટુંબોમાં લાજ કાઢવી કે સાડી પહેરવી કે માથું ઓઢવું વગેરેનો રિવાજ ત્યજી દેવામાં આવેલ છે. તેઓ પુત્રવધુને કોઈપણ પહેરવેશ ડ્રેસ, જીન્સ, ટી-શર્ટ, સાડી પહેરવાની છૂટ છે. તેઓમાં પુરુષ સભ્યો ઘરકામ માટે મદદરૂપ થાય છે કે કેમ તે તપાસતા 50% કુટુંબોમાં નાના-મોટા ઘરના કામોમાં પુરુષ સભ્ય મદદરૂપ થાય છે. જેમાં બાળકોને તૈયાર કરવા, શાકભાજી લાવવી, સાફ-સફાઈમાં મદદ કરવાનો સમાવેશ થાય છે. વળી 30 ટકા

કુટુંબોના ઘરે કામવાળી બાઈ પણ છે જે ઘરકામ કરે છે.

**શિક્ષણ અંગેના પરિવર્તિત વલણો** :

પરંપરાગત સમયમાં શિક્ષણ ખૂબ ઓછું જોવા મળતું હતું. વળી છોકરીઓમાં તો તેની માત્રા નહિવત હતી. આજે શિક્ષણનું મહત્વ વધ્યું છે. મારા ઉત્તરદાતામાં 100% ઉત્તરદાતા શિક્ષિત છે. વળી પોતાના પુત્ર કે પુત્રીને અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ અપનાવનારની સંખ્યા 60% છે. તેમજ તેઓ પોતાના પુત્ર કે પુત્રીને કેટલું શિક્ષિણ આપશે તે અંગે પૂછતા તેઓ કહે છે કે આજના છોકરાઓને જેટલી ઈચ્છા હોય તેટલું શિક્ષણ આપવું જ જોઈએ. તેમાં દરેક ઉત્તરદાતા પોતાના પુત્ર કે પુત્રી બંનેને અભ્યાસ અર્થે બહારગામ કે વિદેશ જવાની સંમતિ આપે છે. સાથે સાથે આજે તેઓ પોતાની પત્ની કે પુત્રવધુને પણ આગળ શિક્ષણ મેળવવું હોય તો મેળવી શકે છે તેવું માનનારનું પ્રમાણ 80% જોવા મળતું.

**આર્થિક બાબતોમાં પરિવર્તિત વલણો** :

પરંપરાગત સમયમાં ખેતી એક માત્ર અર્થોપાર્જનનું મુખ્ય સાધન હતું. ધીરે ધીરે શિક્ષણ અને રોજગારીની તકો વધતા લોકો ગામડામાંથી શહેર તરફ સ્થળાંતર કરતા થયા. તેથી ખેતીને બદલે નોકરી, ધંધો કરતા થયા. મારા ઉત્તરદાતાને ખેતીની જમીન છે કે કેમ તપાસ કરતા 40% ઉત્તરદાતાને ખેતીની જમીન છે જેમાં તેઓ અન્ય પાસે ખેતી કરાવે છે. વળી તેમના કુટુંબમાં પુરુષ સિવાય સ્ત્રી સભ્ય નોકરી કરે છે કે કેમ તે તપાસતા 35% સ્ત્રીઓ ઘરમાં આર્થિક રીતે મદદરૂપ થાય છે. જેમાં તેઓ 10%નોકરી, 15% સિવણકામ અને 10% બ્યુટી પાર્લર ચલાવે છે. મારા 15% ઉત્તરદાતાને બેંકની લોન લીધેલ છે અને 10% ઉત્તરદાતાના ઘરમાંથી વ્યવસાય અર્થે વિદેશ ગયેલ છે. આમ, આજે શિક્ષણ ક્ષેત્રે તો પરિવર્તન આવ્યું જ છે. સાથે સાથે તેઓ આર્થિક ક્ષેત્રે પણ પરંપરાગત વ્યવસાય ત્યજીને અન્ય વ્યવસાય કરતા થયા છે.

**અભ્યાસના તારણો** :

- મારા ઉત્તરદાતામાં લગ્ન અંગેના પરિવર્તિત વલણમાં લગ્નવય ઊંચી આવી છે. સાથે સાથે આંતરજ્ઞાતિય લગ્નનું પ્રમાણ થોડું વધ્યું છે. જીવનસાથીની પસંદગી માટે સંતાનની પોતાની સંમતિને મહત્વ આપનાર દરેક ઉત્તરદાતાના વિચારોમાં પરિવર્તન જોવા મળ્યું.
- તેઓ વિધવા પુનઃવિવાહ માને છે અને વિધવા પરના પ્રતિબંધોનો વિરોધ દર્શાવે છે.
- મિલકતના વારસાની બાબતે પણ પરંપરાગત માન્યતાઓનો વિરોધ દર્શાવી પુત્રી કે બહેનની વારસામાં ભાગીદારી દર્શાવી છે.
- રહેણીકરણી બાબતે પુત્રવધુને આજે પહેરવેશ પરના પ્રતિબંધો દૂર થયા છે અને આજે લાજ કાઢવી કે માથે ઓઢવાના રિવાજને પણ ત્યજી પરિવર્તનનો સ્વીકાર કર્યો છે અને પુત્રવધુને પુત્રી સમાન દરજ્જો આપ્યો છે.
- શિક્ષણનું સ્તર પણ વધ્યું છે અને તેમાં અંગ્રેજી માધ્યમનું પ્રમાણ પણ આજે વધુ જોવા મળ્યું. સાથે સાથે પુત્ર કે પુત્રીને શિક્ષણ અર્થે શહેર

બહાર મોકલવાની પણ સંમતિ દર્શાવી.

- આજે ખેતીની જમીન રાખનાર ઉત્તરદાતાનું પ્રમાણ ઘટ્યું છે. વળી સ્ત્રીઓ પણ ઘરમાં આર્થિક રીતે મદદ કરતી થઈ છે અને વ્યવસાય અથે બહારગામ કે વિદેશ જનારનું પ્રમાણ પણ થોડું વધ્યું છે.

**ઉપસંહાર** :

આમ, પરંપરાગત સમયમાં રીત-રિવાજો, મૂલ્યો, માન્યતાઓ કે જે સમાજમાં પ્રવર્તમાન હતી. આજે તેમાં લોકો શિક્ષણ અને આધુનિકીકરણના ફેલાવાને કારણે બદલાવ લાવી રહ્યા છે. જેમાં જૂના વલણોને ત્યજીને નવા વલણોનો સમાવેશ કરી રહ્યા છે. જેમાં શહેરી સમુદાયમાં આ પરિવર્તન વધુ જોવા મળે છે. જે ગ્રામીણ સમુદાયમાં ઓછું જોવા મળે છે.

**સંદર્ભસૂચિ**


1. નથુરામ, એમ. બારોટ (2007). શ્રી વાટલિયા પ્રજાપતિ ચોર્યાસી શાખનો બાગ, જ્યોતિ પ્રિન્ટીંગ પ્રેસ, રાજકોટ.
2. સૌરાષ્ટ્ર પછાત વર્ગ બોર્ડ (1959) : સૌરાષ્ટ્રની પછાત કોમો ભાગ-3, સચિવ સૌરાષ્ટ્ર
   પછાત વર્ગ બોર્ડ
3. પ્રદિપકુમાર બોઝ, અનુવાદક ગૌરાંગ જાની (1983) : ગુજરાતના કુંભારો, સેન્ટર ફોર
   સોસ્યલ સ્ટડીઝ, સુરત.
4. http://gu.wikipedia.org/wiki/અમદાવાદ
5. http://prajapatidilip.blogspot.com/2014/06/prajapati.html!m=1